# BTE
## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **COMMON GENERAL STUDIES PAPER FOR DIFFERENT ADVERTISEMENTS** |
| **Advertisement No.** | **9995/2025-26** |
| **Preliminary Test Held On** | **10-05-2026** |
| **Que. No** | **001-100** |
| **Publish Date** | **13-05-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **18-05-2026 (Till 04:00 PM)** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 14-05-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. જૈન સિદ્ધાંત 'અનેકાંતવાદ'ને નીચેનામાંથી શ્રેષ્ઠ રીતે, કેવી રીતે વ્યાખ્યાયિત કરી શકાય?

(A) વેદોની સત્તાનું કડક પાલન

(B) મુક્તિપ્રાપ્ત કરવા માટે ધીમે ધીમે ઉપવાસની પ્રથા

(C) અનિરપેક્ષતાનો અથવા સત્યના અનેક પાસાંઓનો સિદ્ધાંત

(D) એક નિરપેક્ષ સર્જક ભગવાનમાં વિશ્વાસ

2. જાતક કથાઓનું ઐતિહાસિક મહત્વ મુખ્યત્વે તેમની કઈ ક્ષમતામાં રહેલું છે?

(A) સામાજિક અને આર્થિક જીવનની સમજ પ્રદાન કરવી

(B) બૌદ્ધ અધિવિદ્યાને સમજાવવી

(C) વૈદિક વિધિઓનું વર્ણન કરવું

(D) મૌર્યશાસકોના શાહી ઇતિહાસના સ્રોત તરીકે

3. દિલ્હી સલ્તનતમાં 'ઇક્તા પ્રણાલી' શું દર્શાવે છે?

(A) ઉમરાવોને આપવામાં આવતો રોકડ પગાર

(B) પગારના બદલામાં આવક આપતી જમીનની સોંપણી

(C) ઉલેમાને આપવામાં આવતું કરમુક્ત ધાર્મિક અનુદાન

(D) વારસાગત જમીનદારીનો હક

4. 12મી સદીનો ભદ્રકાળી શિલાલેખ શા કારણે સમાચારમાં હતો?

(A) ચાલુક્યા હેઠળના ગુજરાતના દરિયાઈ વેપારનું વર્ણન કરે છે.

(B) શાસકો દ્વારા બૌદ્ધ સ્તૂપોની રચનાનો પુરાવો પૂરો પાડે છે.

(C) સોમનાથ મંદિરના ઐતિહાસિક અને સ્થાપત્ય વિકાસને પ્રમાણિત કરે છે.

(D) દિલ્હી સલ્તનત દ્વારા રજૂ કરાયેલા વહીવટી સુધારાઓની નોંધ કરે છે.

5. નીચેના પ્રસંગોમાંથી કયો સૌથી પહેલો બન્યો?

(A) ચંપારણ સત્યાગ્રહ

(B) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના

(C) બંકિમચંદ્ર ચેટરજી દ્વારા વંદે માતરમની રચના

(D) કોંગ્રેસ દ્વારા પૂર્ણ સ્વરાજનો ઠરાવ

6. ગિરનાર પર્વત ગુજરાતમાં મહત્વપૂર્ણ છે કારણ કે તે નીચેના માટે તીર્થસ્થળ છે:

1. જૈનો 2. હિન્દુઓ 3. બૌદ્ધો

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

7. નીચેનામાંથી કયું સ્થળ સિંધુ ખીણની સંસ્કૃતિનું સૌથી મોટું સ્થળ છે?

(A) મોહેંજો-દરો
(B) કાલીબંગન
(C) ધોળાવીરા
(D) રાખીગરી

8. ગુજરાતમાં આવેલું પ્રખ્યાત સોમનાથ મંદિર કઈ સ્થાપત્ય શૈલીમાં બનેલું છે.

(A) દ્રવિડિયન
(B) નાગર
(C) વેસર
(D) હેમાડપંથી

9. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગાંધાર કલાનો વિકાસ અને ઉત્પત્તિ કુશાન કાળની મહત્વપૂર્ણ વિશેષતા હતી.

2. ચંદ્રગુપ્ત-પહેલાના શાસનકાળમાં ફાહિયાન ભારતમાં આવ્યા હતા.

3. ગૌતમીપુત્ર શાતકર્ણિએ સાતવાહન વંશનો પાયો નાખ્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1

10. 1828માં એકેડેમિક એસોસિએશનના સ્થાપક કોણ હતા?

(A) સર વિલિયમ જોન્સ
(B) હેનરી લુઇસ વિવિયન ડેરોઝિયો
(C) જ્યોર્જ વિલ્કોક્સ
(D) સર જોન બિગ્સ

11. "મારા શરીર પર મારવામાં આવતી દરેક લાઠી એ બ્રિટિશ સામ્રાજ્યવાદની શબપેટી ઉપરનો ખીલો સાબિત થશે" આ વિધાન કોનું છે?

(A) વી. ડી. સાવરકર

(B) બિપિન ચંદ્ર પાલ

(C) લાલા લજપતરાય

(D) બાલ ગંગાધર તિલક

12. નીચેનામાંથી કયા નેતાએ અલગ ગુજરાતની માંગણી માટે કરાયેલા મહાગુજરાત આંદોલનનો વિરોધ કર્યો હતો?

(A) મોરારજી દેસાઈ

(B) દિનકર મહેતા

(C) અશોક ભટ્ટ

(D) સત્યમ પટેલ

13. સંસ્થાઓ તથા સ્થાપક સભ્યો વિશે નીચેની જોડીઓ ધ્યાને લો:

1. પુના સાર્વજનિક સભા - મહાદેવ ગોવિંદ રાનડે

2. મદ્રાસ મહાજન સભા - આનંદ ચારલુ

3. બોમ્બે પ્રેસીડન્સી એસોશિએશન - બદરૂદ્દીન તૈયબજી

4. ઇન્ડિયન એસોશિએશન - સુરેન્દ્રનાથ બેનરજી

ઉપર પૈકી કેટલી જોડીઓ સાચી છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) બધી જ 4

14. સ્વામી વિવેકાનંદ વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. તેઓએ બધા ધર્મોની એકરૂપતા પર ભાર મૂક્યો.

2. તેઓએ બાકીના વિશ્વ સાથેનો સંપર્ક ગુમાવવા બદલ ભારતીયોની આલોચના કરી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

15. નીચે આપેલાં સંસ્થાઓ/સમાચારપત્રો ધ્યાને લો:

1. અભિનવ ભારત | 2. સંધ્યા
3. યુગાન્તર | 4. અનુશીલન સમિતિ

ઉપર પૈકી કેટલાં ક્રાંતિકારી ઉગ્રવાદી ચળવળ સાથે સંકળાયેલા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) બધા જ 4

16. Joseph Shine v. Union of Indiaના ચુકાદા અંગે નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. સર્વોચ્ચ અદાલતે ભારતીય દંડ સંહિતાની કલમ 497ને ગેરબંધારણીય જાહેર કરી.

2. અદાલતે જણાવ્યું કે વ્યભિચારનો કાયદો (adultery law) ભારતના બંધારણ હેઠળ મહિલાઓની સમાનતા અને ગૌરવના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે.

3. ચુકાદા પછી વ્યભિચાર (adultery) ગુનાહિત અપરાધ તરીકે યથાવત રહ્યો, પરંતુ લિંગ-તટસ્થ (gender-neutral) જોગવાઈ સાથે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

17. ભારતીય ચૂંટણી પંચ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મુખ્ય ચૂંટણી કમિશનરને ભારતના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની જેમ જ પદ પરથી દૂર કરી શકાય છે.

2. અન્ય ચૂંટણી કમિશનરોને ફક્ત મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ પર જ દૂર કરી શકાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

18. નીચેનામાંથી કયું કાર્ય ભાષાકીય લઘુમતી માટેના ખાસ અધિકારીનું નથી?

(A) ભાષાકીય લઘુમતીઓ માટેના રક્ષણ સંબંધિત બાબતોની તપાસ કરવી.

(B) રાષ્ટ્રપતિને અહેવાલો સુપરત કરવા.

(C) અદાલતો મારફતે બંધારણીય સુરક્ષા પગલાંનો અમલ

(D) અસરકારક અમલીકરણ માટે પગલાંની ભલામણ કરવી.

19. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ બંધારણ હેઠળ અનુસૂચિત જાતિઓ માટે પૂરા પાડવામાં આવેલ સુરક્ષા પગલાંઓનું નિરીક્ષણ કરે છે.

2. તે અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક વિકાસ માટેની યોજના બનાવવાની પ્રક્રિયામાં ભાગ લે છે.

3. તે રાજ્યોમાં અનામત (reservation) નીતિઓને સીધી અમલમાં મૂકી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

20. મેનકા ગાંધી વિ. ભારત સંઘ (1978) ચુકાદામાં, સર્વોચ્ચ અદાલતે નિર્ણય આપ્યો હતો કે અનુચ્છેદ 21 હેઠળ કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા નીચે પૈકી કયા પ્રકારની હોવી જોઈએ?

(A) વાજબી, ન્યાયી અને ન્યાયસંગત

(B) ફક્ત કુદરતી ન્યાયને અનુરૂપ

(C) સંસદ દ્વારા મંજૂર

(D) અંગ્રેજી કોમન કાયદા પર આધારિત

21. નીચે પૈકી કઈ સર્વોચ્ચ અદાલતે મૂળભૂત રચનાના ભાગ તરીકે ધારણ કરેલા તત્વોની સાચી યાદી છે?

(A) રાષ્ટ્રપતિનું શાસન, દળબદલ વિરોધી કાયદો, નાણાં બિલ

(B) સંસદીય લોકશાહી, કાયદાનું શાસન, ન્યાયિક પુનરાવલોકન

(C) ન્યાયિક પુનરાવલોકન, રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ, વટહુકમ બહાર પાડવાની સત્તા

(D) સત્તાવાર ભાષા નીતિ, કટોકટીની જોગવાઈઓ, પંચાયતીરાજ.

22. પંચાયતો (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ, 1996 (PESA) હેઠળ, પાંચમી અનુસૂચિવિસ્તારોમાં ગ્રામસભાઓને નીચેની કઈ સત્તા પ્રદાન કરવામાં આવતી નથી?

(A) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સની મંજૂરી

(B) જમીન મહેસૂલ વસૂલવાની અને એકત્રિત કરવાની સત્તા

(C) નાનાં જળ સંસાધનો પર નિયંત્રણ

(D) નાના (Minor) વન ઉત્પાદનની માલિકી

23. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સર્વોચ્ચ અદાલતની રિટ જારી કરવાની સત્તા ઉચ્ચ અદાલતો કરતા ઓછી છે.

2. નાગરિક જ્યારે પણ તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે ત્યારે તે પોતાની મરજી મુજબ વડી અદાલત અથવા સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કરી શકે છે.

3. સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો સમગ્ર ભારતમાં તમામ અદાલતો માટે બંધનકર્તા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

24. બંધારણીય સભાના કાયમી અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાયા હતા?

(A) ડો. શ્યામા પ્રસાદ મુખરજી
(B) ડો. રાજેન્દ્ર પ્રસાદ
(C) ડો. બી. આર. આંબેડકર
(D) કે. એમ. મુનશી

25. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ની સત્તાઓ અંગે નીચેના પૈકી કયું નિવેદન બંધારણિય તથા ન્યાયિક પ્રથા મુજબ યોગ્ય છે?

(A) મુખ્ય ન્યાયાધીશ સર્વોચ્ચ ન્યાયાલયના તમામ ન્યાયાધીશોની નિમણૂક એકલા કરી શકે છે.

(B) મુખ્ય ન્યાયાધીશ સંસદના કોઈપણ અધિનિયમને સ્વયં રદ કરી શકે છે.

(C) મુખ્ય ન્યાયાધીશ “Master of the Roster” તરીકે ન્યાયાલયમાં મામલાઓની વહેંચણી અને બેન્ચોની રચના કરવાની સત્તા ધરાવે છે.

(D) મુખ્ય ન્યાયાધીશને રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે પરંતુ તેમની પાસે કોઈ સ્વતંત્ર બંધારણીય સત્તા નથી.

26. જનહિત યાચિકા (Public Interest Litigation – PIL) અંગે કયાં નિવેદનો સાચાં છે?

1. જનહિત યાચિકા ફક્ત તે વ્યક્તિ દ્વારા દાખલ કરી શકાય છે જે ખલેલ પહોંચેલી ઘટના માટે વ્યક્તિગત રીતે પીડિત હોય, કોઈ ત્રીજા પક્ષને અરજી દાખલ કરવાની સત્તા નથી.
2. જનહિત યાચિકા ફક્ત ભારતીય સુપ્રીમ કોર્ટમાં જ દાખલ કરી શકાય છે, અન્ય ન્યાયિક ફોરમોમાં તેની વ્યવસ્થા નથી.
3. જનહિત યાચિકા સહેલાઈથી દાખલ કરી શકાય છે; વહીવટી માર્ગદર્શિકા અનુસાર, પત્ર, પોસ્ટકાર્ડ અથવા પ્રમાણભૂત અરજીફોર્મ દ્વારા પણ અરજી રજૂ કરી શકાય છે.
4. ભારતીય બંધારણમાં જનહિત યાચિકા દાખલ કરવાની કોઈ સ્પષ્ટ જોગવાઈ આર્ટિકલ હેઠળ નોંધાયેલ નથી; તે ન્યાયાલયની પ્રથા અને વ્યાખ્યા પરથી વિકસાવવામાં આવી છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 1 અને 3

27. નીચે આપેલાં વિધાન(A) અને કારણ(R) ધ્યાને લો:

વિધાન(A): ભારતીય બંધારણ મુજબ, સંસદ રાજ્ય યાદીમાં સમાવિષ્ટ વિષય પર પણ કાયદો બનાવી શકે છે.

કારણ(R): કારણ કે રાષ્ટ્રીય હિતમાં આવું કરવું જરૂરી હોય ત્યારે સંસદને વિશેષ સત્તા આપવામાં આવી છે.

(A) વિધાન(A) અને કારણ(R) બન્ને સાચાં છે અને કારણ(R) વિધાન(A)ની યોગ્ય વ્યાખ્યા કરે છે.
(B) વિધાન(A) અને કારણ(R) બન્ને સાચાં છે પરંતુ કારણ(R), વિધાન(A)ની યોગ્ય વ્યાખ્યા નથી.
(C) વિધાન(A) સાચું છે પરંતુ કારણ(R) ખોટું છે.
(D) વિધાન(A) ખોટું છે પરંતુ કારણ(R) સાચું છે.

28. વિદ્યુત પાસે ₹ 20/-, ₹ 50/- અને ₹ 100/-ની કેટલીક ચલણી નોટ છે. જો તે દરેક કિંમતની નોટનો ઉપયોગ કરવા ઈચ્છે, તો આપેલ રકમ પૈકી કઈ ચૂકવી શકશે?

(A) ₹ 110/-
(B) ₹ 140/-
(C) ₹ 270/-
(D) ₹ 180/-

29. જો કોઈ સાંકેતિક ભાષા મુજબ EYE = 30, POP = 31, SIS = 28 હોય તો EVEની કિંમત શોધો.

(A) 32
(B) 27
(C) 37
(D) 42

30. જો મરઘીને ગાય, ગાયને ઘોડો, ઘોડાને દોરડું, દોરડાને ઓરડો કહેવામાં આવે, તો ઘોડાને શેનાથી બાંધવામાં આવશે?

(A) ગાય
(B) દોરડું
(C) ઓરડો
(D) મરઘી

31. એક ટાંકીને એક પાઈપ વડે 2 કલાકમાં, તો બીજી પાઈપ વડે 3 કલાકમાં ભરી શકાય છે. જો બન્ને પાઈપ વડે એક સાથે ભરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જાય?

(A) 5/6 કલાક
(B) 1 1/5 કલાક
(C) 5/2 કલાક
(D) 3/2 કલાક

32. રમેશ 100 થેલા ₹ 35,000 માં ખરીદે છે. તેમાંથી 10 થેલા નુકસાનીવાળા હોવાથી તે ₹ 250 પ્રતિ થેલા વેચે છે. જો સમગ્ર સોદામાં તે 10% નફો રળવા ઈચ્છે છે તો બાકીના થેલા તેણે કયા ભાવે વેચવા જોઈએ?

(A) ₹ 385
(B) ₹ 360
(C) ₹ 400
(D) ₹ 221

33. શાળામાં આપેલ એક પ્રોજેક્ટમાં 5 બાળકોને 14 કલાક લાગે છે. જો આ કાર્યને 4 કલાક વહેલું પૂર્ણ કરવું હોય તો બીજા કેટલા બાળકોએ જોડાવું પડે?

(A) 4
(B) 7
(C) 5
(D) 2

34. એક વસ્તુના ભાવમાં પહેલા 20%નો વધારો થાય છે અને ત્યારબાદ તેમાં 25%નો ઘટાડો થાય છે. તો કુલ મળીને ભાવમાં કેટલા ટકા ફેરફાર થાય છે?

(A) 0%
(B) 2% ઘટાડો
(C) 5% વધારો
(D) 10% ઘટાડો

35. A અને B મળીને એક કામ 12 દિવસમાં પૂર્ણ કરી શકે છે; B અને C 16 દિવસમાં; A અને C 24 દિવસમાં. A એકલો કેટલા દિવસમાં કામ પૂર્ણ કરી શકે?

(A) 96
(B) 48
(C) 64
(D) 32

36. નીચેનાં વિધાનોને ધ્યાનમાં લો:

a. બધા વિદ્વાનો વાચક છે.

b. કેટલાક વાચકો શિક્ષક છે.

નિષ્કર્ષ:

1. કેટલાક વિદ્વાનો શિક્ષક છે.

2. કેટલાક શિક્ષકો વાચક છે.

કયો નિષ્કર્ષ અનુસરે છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 કે 2 માંથી એક પણ નહીં

37. 8,000 વિદ્યાર્થીઓ ધરાવતી યુનિવર્સિટીમાં, 45% વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં નોંધાયેલા છે, 35% આર્ટસમાં નોંધાયેલા છે, અને 15% વિજ્ઞાન અને આર્ટસ બંનેમાં નોંધાયેલા છે. બે અભ્યાસક્રમોમાંથી એકમાં પણ નોંધાયેલા ન હોય તેવા કેટલા વિદ્યાર્થીઓ છે?

(A) 2,800
(B) 2,300
(C) 3,200
(D) 2,000

38. પાંચ મિત્રો – અમિત, ભાવના, ચેતન, દીપા અને એશા – સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસ પર ગયા. તેઓમાંના દરેકે પ્રવાસ અને પ્રવેશ ટિકિટ પર જુદી જુદી રકમ ખર્ચી.

- અમિતે ચેતન અને એશા બંને કરતાં વધુ ખર્ચ કર્યો.
- ફક્ત ભાવનાએ દીપા કરતાં વધુ ખર્ચ કર્યો.
- એશાએ લઘુત્તમ રકમ ખર્ચી નથી.
- એશાએ પ્રવાસ પર ₹ 3,000 ખર્ચ્યા.

નીચેનામાંથી કયું વિધાન ચોક્કસપણે સાચું છે?

(A) અમિતે ભાવના અને દીપા બંને કરતાં ઓછો ખર્ચ કર્યો.

(B) એશાએ ભાવના અને ચેતન કરતાં વધુ ખર્ચ કર્યો.

(C) ભાવનાએ અન્ય બધા કરતાં ઓછો ખર્ચ કર્યો.

(D) ચેતને એશા કરતાં ઓછો ખર્ચ કર્યો.



[Contd.

39. સ્ટેશન A અને સ્ટેશન B વચ્ચે દરરોજ સવારે 6 વાગ્યે દરેક છેડેથી શરૂ થતી ટ્રેન સેવા શરૂ કરવાની છે અને પ્રવાસ 42 કલાકમાં પૂર્ણ થવાનો છે. શટલ સેવા જાળવવા માટે કેટલી ટ્રેનોની જરૂર પડશે?

(A) 3
(B) 4
(C) 5
(D) 6

40. 6 સંખ્યાઓની સરેરાશ 24 છે. જો એક સંખ્યા 30 ને 42 થી બદલવામાં આવે, તો નવી સરેરાશ કેટલી થશે?

(A) 25
(B) 26
(C) 27
(D) 28

41. પરિવર્તનશીલ વિનિમય દર પ્રણાલી હેઠળ નીચેનામાંથી કોણ મૂળભૂત રીતે વિનિમય દર નક્કી કરે છે?

(A) બજાર તંત્ર
(B) કેંદ્રીય સરકાર
(C) સેન્ટ્રલ બેંક
(D) એક્સચેંજ રેટ ઓથોરિટી (ERA)

42. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) તાજેતરના ભૂતકાળમાં, ભારતમાં ઝડપી આર્થિક વૃદ્ધિ છતાં રોજગારીના દરમાં ઘટાડો થયો છે.
(B) ભારતમાં બાંધકામ સિવાય આર્થિક પ્રવૃત્તિના તમામ મુખ્ય ક્ષેત્રોમાં રોજગાર સાપેક્ષતામાં સતત ઘટાડો જોવા મળે છે.
(C) કાર્યદળનો મોટો ભાગ સેવા ક્ષેત્રમાં કાર્યરત છે.
(D) ભારતમાં સંગઠિત ક્ષેત્રની રોજગારી કરતાં અસંગઠિત ક્ષેત્રની રોજગારી ઘણી વધારે છે.

43. ખાનગીકરણની પદ્ધતિઓના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. વ્યૂહાત્મક વેચાણ હેઠળ, સરકાર જાહેર ક્ષેત્રના ઉપક્રમમાં તેનો હિસ્સો વ્યૂહાત્મક ભાગીદારને વેચે છે, જેના પરિણામે સંચાલન ખરીદનારને સોંપવામાં આવે છે.
2. ઇનિશિયલ પબ્લિક ઓફર (IPO) પદ્ધતિ હેઠળ, જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો શેર છૂટક રોકાણકારો અને સંસ્થાઓને વેચવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

44. જીવનની ભૌતિક ગુણવત્તા સૂચકાંક (PQLI) ની ગણતરી કરવા માટે કયા ત્રણ ચોક્કસ સૂચકાંકોનો ઉપયોગ થાય છે?

(A) માથાદીઠ આવક, જન્મ દર અને મૃત્યુ દર
(B) ગરીબી, બેરોજગારી અને અસમાનતા
(C) સાક્ષરતા, જન્મ સમયે આયુષ્ય અને બાળ મૃત્યુદર
(D) આવાસ, સ્વચ્છતા અને શિક્ષણ

45. સમાચારોમાં "mother of all deals" તરીકે ઉલ્લેખિત સોદો કયા દેશો વચ્ચે હસ્તાક્ષરિત થયો છે?

(A) ભારત અને યુએસએ
(B) ભારત અને યુરોપિયન યુનિયન
(C) ભારત અને ચીન
(D) ચીન અને રશિયા

46. ગુજરાત સરકારની મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના સંદર્ભમાં નીચેનાં નિવેદનો ધ્યાનમાં લો:

1. મહેસૂલ વિભાગ, યોજનાના અમલીકરણ માટે જવાબદાર છે, જેમાં પાકને થયેલા નુકસાનની ચકાસણી અને પાત્ર ખેડૂતોને વળતરનું વિતરણ સામેલ છે
2. પંચાયત વિભાગ યોજનાના અમલીકરણ માટે તકનીકી સહાય અને ટેકો પ્રદાન કરે છે જેથી કુદરતી આફતોને કારણે પાકને થતા નુકસાનના કિસ્સામાં ખેડૂતોને સમયસર અને પર્યાપ્ત રાહત મળે.

ઉપરોક્ત નિવેદન(નો) માંથી કયું/કયાંસાચું/સાચા છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) ઉપરોક્તમાંથી એક પણ નહીં

47. આયોજન પંચ અને નીતિ આયોગ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આયોજન પંચ એક કાર્યકારી સંસ્થા હતી, જ્યારે નીતિ આયોગ સંસદના કાયદા દ્વારા બનાવવામાં આવેલી વૈધાનિક સંસ્થા છે.
2. નીતિ આયોગ પાસે રાજ્ય મંત્રાલયોને ભંડોળ ફાળવવાની સત્તા છે, જે અગાઉ આયોજન પંચ પાસે હતી.
3. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપ-રાજ્યપાલોનો સમાવેશ થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

48. વૈશ્વિક વેપાર લેન્ડસ્કેપ એક માળખાકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જેને ઘણીવાર "પુનઃવૈશ્વિકીકરણ" અથવા "વિભાજિત વેપાર" તરીકે ઓળખવામાં આવે છે. આ પરિવર્તનો અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નિયર-શોરિંગ એન્ડ ફ્રેન્ડ-શોરિંગ (Near-shoring & Friend-shoring): આ એક વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે જ્યાં મુખ્ય કંપનીઓ પરંપરાગત "જસ્ટ-ઇન-ટાઇમ" ખર્ચ-ઘટાડા કરતાં સપ્લાય ચેઇન સ્થિતિસ્થાપકતા અને ભૂ-રાજકીય વિશ્વાસને પ્રાથમિકતા આપે છે.
2. વેપાર વિભાજન (Trade Fragmentation): આમાં "ભૌગોલિક આર્થિક બ્લોક્સ" ના ઉદભવનો સમાવેશ થાય છે જ્યાં મેળ ખાતા નિયમનકારી ધોરણો અને ડિજિટલ પ્રોટોકોલના નેટવર્કમાં વેપાર વધુને વધુ હાથ ધરવામાં આવે છે, જે સંભવિત રીતે વૈશ્વિક અર્થતંત્રના "વિભાજન" તરફ દોરી જાય છે.
3. વૈશ્વિકરણનો ઘટાડો (Deglobalization): આ 1990ના દાયકા પછીના વેપાર વ્યવસ્થામાં સંપૂર્ણ ઉલટાવો સૂચવે છે, જે ક્રોસ-બોર્ડર મૂડી પ્રવાહના સંપૂર્ણ સમાપ્તિ અને સંપૂર્ણ રાષ્ટ્રીય સ્વાયત્તતા તરફ પાછા ફરવાનું વલણ દર્શાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

49. ચાણક્યના અર્થશાસ્ત્રમાં દર્શાવેલ "સપ્તાંગ સિદ્ધાંત" (સાત અંગો) રાજ્યના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કોશ (ખજાનો)ને સૌથી મહત્વપૂર્ણ અંગ માનવામાં આવે છે, કારણ કે રાજ્યની અન્ય બધી પ્રવૃત્તિઓ તેના સ્વાસ્થ્ય પર આધાર રાખે છે.

2. રાજાને - સ્રોત (કરદાતા)ને નુકસાન પહોંચાડ્યા વિના મધમાખીની જેમ કર વસૂલ કરવાની સલાહ આપવામાં આવે છે

3. ચાણક્યએ બજારોમાં શૂન્ય રાજ્ય હસ્તક્ષેપ સાથે "લેસેઝ-ફેર" અર્થતંત્રની હિમાયત કરી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

50. "નાણાકીય નીતિની રાજકોષીય સ્વાસ્થ્ય પર અસર" વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. "વિસ્તરણાત્મક નાણાકીય નીતિ" (નીચા વ્યાજ દરો) સરકાર માટે જાહેર દેવાની સેવાનો ખર્ચ ઘટાડે છે.

2. જો "વાસ્તવિક વ્યાજ દર" "વાસ્તવિક GDP વૃદ્ધિ દર" કરતાં ઓછો હોય, તો જાહેર દેવા-થી-GDP ગુણોત્તર આપમેળે ઘટવાનું વલણ ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

51. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) સુધારાના સંદર્ભમાં, NSSO દ્વારા હાથ ધરવામાં આવેલ ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વેક્ષણ (HCES) અનિવાર્ય છે કારણ કે:

(A) તે દેશભરમાં 600થી વધુ આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાબંધ ભાવોને ટ્રેક કરે છે.

(B) તે સરકારને વપરાશ-માંગના આધારે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) નક્કી કરવાની છૂટ આપે છે.

(C) ફુગાવા સૂચકાંક વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરે તે સુનિશ્ચિત કરવા માટે હાલમાં ઘરગથ્થુ ઉપયોગમાં લેવાતા માલ અને સેવાઓની 'પ્રતિનિધિ' ટોપલીને ઓળખી કાઢે છે.

(D) તે નીતિ આયોગ દ્વારા ઉપયોગમાં લેવાતી ગરીબી રેખાની સત્તાવાર વ્યાખ્યા પ્રદાન કરે છે.

52. ભારતમાં લેટેરાઇટ જમીન સંબંધિત નીચેના વિધાન ધ્યાનમાં લો:

1. તેનો વિકાસ ઊંચા તાપમાન અને ભારે વરસાદવાળા વિસ્તારોમાં થાય છે, જેના પરિણામે સિલિકાનું તીવ્ર નિક્ષાલન થાય છે અને જમીન આયર્ન ઓક્સાઇડ અને એલ્યુમિનિયમથી સમૃદ્ધ બને છે.

2. તે સામાન્ય રીતે સેન્દ્રિય પદાર્થો, નાઇટ્રોજન, ફોસ્ફેટ અને કેલ્શિયમથી સમૃદ્ધ હોય છે, જે તેને કૃષિ માટે કુદરતી રીતે અત્યંત ફળદ્રુપ બનાવે છે.

3. હવાના સંપર્કમાં આવતા ઝડપથી કઠણ થઈ જવાના તેના ગુણધર્મને કારણે, મકાન નિર્માણનાં ઉપયોગ માટે તેનો વ્યાપકપણે ઈંટોના રૂપમાં કાપીને કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

53. નીચેના પૈકી કયા મુખ્ય વૈશ્વિક પ્રદેશોમાં શહેરી વસ્તીની ટકાવારી તેમની કુલ વસ્તીના 80%થી વધુ છે?

1. ઉત્તર અમેરિકા
2. લેટિન અમેરિકા અને કેરેબિયન
3. સબ-સહારન આફ્રિકા
4. યુરોપ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

54. આંતર ઉષ્ણકટિબંધીય અભિસરણ ક્ષેત્ર (ITCZ) શું છે?

(A) પેરુના દરિયાકાંઠે વહેતો ઠંડો પ્રવાહ, જે બાષ્પીભવનને પ્રભાવિત કરે છે.
(B) જેસલમેરથી ગંગા ડેલ્ટા તરફ વહેતી શુષ્ક પવન પ્રણાલી.
(C) હિમાલય પર સ્થિત ઉચ્ચ દબાણ ક્ષેત્ર જે ચોમાસાને ચલાવે છે.
(D) વિષુવવૃત્ત પર નીચા દબાણનું ક્ષેત્ર જ્યાં વ્યાપારી પવનો ભેગા થાય છે અને હવા ઊર્ધ્વગામી થાય છે.

55. નીચે પૈકી કયું ભારતીય શહેર સૌથી વધુ ભૂકંપીય જોખમ ક્ષેત્રમાં આવેલું છે?

(A) મુંબઈ (B) ચેન્નાઈ

(C) દિલ્હી (D) બેંગલુરુ

56. પૃથ્વીની સપાટીથી કેન્દ્રસ્થ કોર તરફ આગળ વધતાં પૃથ્વીના પદાર્થના તાપમાન અને ઘનતા પર શું અસર થાય છે?

(A) તાપમાન અને ઘનતા બંનેમાં વધારો થાય છે.

(B) તાપમાન વધે છે પરંતુ ઘનતા સ્થિર રહે છે.

(C) ઘનતા વધે છે પરંતુ તાપમાન ઘટે છે.

(D) તાપમાન અને ઘનતા બંનેમાં ઘટાડો થાય છે.

57. ગુજરાતની જમીનના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાનમાં લો:

1. રેતાળ ‘ગોરાડુ’ જમીન મુખ્યત્વે મધ્ય અને ઉત્તર ગુજરાતના મેદાનોમાં જોવા મળે છે.
2. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત પ્રદેશોની કાળી જમીન હ્યુમસ અને નાઇટ્રોજનથી સમૃદ્ધ છે, જે તેને ખાતર વિના પણ અત્યંત ફળદ્રુપ બનાવે છે.
3. દરિયાકાંઠાની કાંપવાળી જમીન ભરતીના પાણીના ભરાવાને કારણે વારંવાર ક્ષારતાથી પ્રભાવિત થાય છે.

ઉપરોક્ત આપેલા વિધાનોમાંથી કયું/કયા સાચું/સાચા છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

58. ગુજરાતમાં સંશોધન કેન્દ્રો અને તેમના સ્થાનોની નીચેની કઈ જોડી યોગ્ય રીતે મેળ ખાતી નથી?

(A) મગફળી સંશોધન નિદેશાલય – જૂનાગઢ

(B) ઔષધીય અને સુગંધિત વનસ્પતિ સંશોધન નિદેશાલય – આણંદ

(C) સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ – ભાવનગર

(D) મુખ્ય દિવેલ અને રાઈ સંશોધન કેન્દ્ર – સુરત

59. ગુજરાતના અગ્રણી પાક ઉત્પાદક જિલ્લાઓ (2024-25) ના સંદર્ભમાં યાદી-I ને યાદી-II સાથે જોડો:

| યાદી-I (પાક) | યાદી-II (અગ્રણી જિલ્લો / પ્રદેશ) |
|---|---|
| i. મગફળી | 1. બનાસકાંઠા / પાટણ |
| ii. જીરું | 2. જૂનાગઢ / રાજકોટ |
| iii. તમાકુ | 3. સુરેન્દ્રનગર / ભરૂચ |
| iv. કપાસ | 4. ખેડા / આણંદ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) i – 2, ii – 4, iii – 1, iv – 3
(B) i – 1, ii – 2, iii – 4, iv – 3
(C) i – 3, ii – 1, iii – 4, iv – 2
(D) i – 2, ii – 1, iii – 4, iv – 3

60. ભારતમાં મગફળીના ઉત્પાદનમાં નીચેનામાંથી કયાં રાજ્યોની જોડીનો મોટો હિસ્સો છે (2024-25)?

(A) રાજસ્થાન અને મધ્યપ્રદેશ

(B) મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ

(C) ગુજરાત અને રાજસ્થાન

(D) ગુજરાત અને મધ્યપ્રદેશ

61. એશિયા ખંડ સાથે સંકળાયેલી નીચેની મુખ્ય સામુદ્રધુનીઓને ધ્યાનમાં લો:

1. બાબ-અલ-મંડેબ
2. હોર્મુઝની સામુદ્રધુની
3. મલાક્કાની સામુદ્રધુની
4. બેરિંગની સામુદ્રધુની

ઉપરોક્ત સામુદ્રધુનીઓને તેમની રેખાંશીય સ્થિતિના આધારે પૂર્વથી પશ્ચિમ તરફ યોગ્ય ક્રમમાં ગોઠવો:

(A) 4 – 3 – 2 – 1
(B) 4 – 2 – 3 – 1
(C) 3 – 4 – 2 – 1
(D) 3 – 1 – 2 – 4

62. સૌરાષ્ટ્ર અને કચ્છની ભૌગોલિક સંરચના અને ખનિજો અંગે નીચેના વિધાન ધ્યાનમાં લો:

1. કચ્છ પ્રદેશમાં મુખ્યત્વે જુરાસિક સમયગાળાના જળકૃત ખડકો જોવા મળે છે, જેમાં નોંધપાત્ર લિગ્નાઈટ કોલસાના ભંડાર આવેલા છે.

2. સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલી ગિરનારની ટેકરીઓ જ્વાળામુખી પ્રવૃત્તિઓનું પરિણામ છે, જેમાં મુખ્યત્વે ડેક્કન ટ્રેપ રચનાના બેસાલ્ટ જેવા અગ્નિકૃત ખડકોનો સમાવેશ થાય છે.

3. કચ્છનું પાનંધ્રો તેના ઉચ્ચ-ગ્રેડ બોક્સાઈટના વ્યાપક ભંડાર માટે ખૂબ જાણીતું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

63. હવામાં ધ્વનિના વેગ ને નીચે જણાવેલમાંથી કયા પરિબળો અસર કરે છે?

1. તાપમાન
2. ભેજ
3. નિશ્ચિત તાપમાને વાતાવરણીય દબાણ
4. પવનની દિશા અને ગતિ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 1 અને 3
(C) 1, 2, 3 અને 4
(D) ફક્ત 2 અને 3

64. હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજી અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ફ્યુઅલ સેલમાં રાસાયણિક ઊર્જાનું સીધું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર થાય છે.

2. ફ્યુઅલ સેલ પ્રક્રિયા દહન પર આધારિત છે.

3. હાઈડ્રોજન ફ્યુઅલ સેલ વાહનોમાંથી મુખ્ય ઉત્સર્જન તરીકે પાણી બહાર પડે છે.

ઉપરોક્તમાંથી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

65. FSSAI દ્વારા ખાદ્ય લેબલિંગ ધોરણો અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પૅક કરેલા ખાદ્ય પદાર્થ પર પોષણ માહિતી (Nutritional Information) દર્શાવવી ફરજિયાત છે, પરંતુ ખૂબ નાની પૅકેજિંગ માટે કેટલીક છૂટછાટો આપવામાં આવી શકે છે.
2. શાકાહારી અને માંસાહારી ખાદ્ય પદાર્થોને અનુક્રમે લીલા અને ભૂરા/લાલ રંગના નિર્ધારિત ચિહ્ન દ્વારા દર્શાવવું ફરજિયાત છે.
3. "Best Before" તારીખ પસાર થયા પછી ખાદ્ય પદાર્થનું વેચાણ કાયદેસર રીતે સંપૂર્ણપણે પ્રતિબંધિત હોય છે અને તે માનવ સેવન માટે અસુરક્ષિત ગણાય છે.

ઉપરોક્ત પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

66. નીચે દર્શાવેલ મિશ્રધાતુઓને તેમના મુખ્ય ઘટકો સાથે યોગ્ય રીતે જોડો:

| | મિશ્રધાતુ | | મુખ્ય ઘટકો |
|---|---|---|---|
| A. | સ્ટેઈનલેસ સ્ટીલ | i. | સીસું (લેડ) + કલાઈ (ટીન) |
| B. | પીતળ (બ્રાસ) | ii. | તાંબુ (કોપર) + જસત (ઝિંક) |
| C. | કાંસું (બ્રોન્ઝ) | iii. | તાંબુ + કલાઈ (ટીન) |
| D. | સોલ્ડર | iv. | લોખંડ + ક્રોમિયમ + નિકલ |

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર પસંદ કરો:

(A) A – i, B – ii, C – iii, D – iv

(B) A – iv, B – ii, C – iii, D – i

(C) A – i, B – iii, C – ii, D – iv

(D) A – iv, B – iii, C – ii, D – i

67. બ્લીચિંગ પાવડરના ગુણધર્મો અને સુરક્ષા અંગે નીચેના વિધાનો પર વિચાર કરો:

1. બ્લીચિંગ પાવડરની તીવ્ર ગંધ મુખ્યત્વે તેમાં રહેલા કેલ્શિયમ સાથે સંબંધિત હોય છે.
2. બ્લીચિંગ પાવડરનો ઉપયોગ પીવાના પાણીને જંતુમુક્ત કરવા થઈ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

68. સ્માર્ટ મીટર દ્વારા વીજળીના બિલમાં બચત કેવી રીતે થઈ શકે તેના સંદર્ભમાં નીચેના વિધાનો પર વિચાર કરો:

1. સ્માર્ટ મીટર વીજળીના યુનિટનો દર આપમેળે ઘટાડે છે.
2. સ્માર્ટ મીટર ઘરના જે ઉપકરણો વધુ લોડ લેતા હોય તેને ઓળખીને તે ચોક્કસ ઉપકરણોને આપમેળે બંધ કરી દે છે.
3. સ્માર્ટ મીટર રીઅલ-ટાઇમ વપરાશની માહિતી પ્રદાન કરે છે, જેના કારણે ગ્રાહક પોતાની વપરાશ પદ્ધતિમાં ફેરફાર કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2 (B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 3

69. પાચનતંત્રના સ્વાસ્થ્યમાં પ્રોબાયોટિક્સ (Probiotics) અને પ્રીબાયોટિક્સ (Prebiotics) ની ભૂમિકા અંગે નીચેના વિધાનો પર વિચાર કરો:

1. પ્રોબાયોટિક્સ એ એવા જીવંત સૂક્ષ્મજીવો છે જે આંતરડામાં માઇક્રોબાયોટાનું સંતુલન જાળવવામાં સીધી રીતે મદદ કરે છે.
2. પ્રોબાયોટિક્સનો મુખ્ય સ્રોત આખા અનાજ અને કંદમૂળ છે, જ્યારે પ્રીબાયોટિક્સ મુખ્યત્વે દૂધની બનાવટો અને આથેલા ખોરાકમાંથી પ્રાપ્ત થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

70. કાર્બન ફૂટપ્રિન્ટના માપન અંગે નીચેનાં વિધાનો પર વિચાર કરો:

1. જો કોઈ વ્યક્તિ ફક્ત નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ કરે તો તેની કાર્બન ફૂટપ્રિન્ટ શૂન્ય ગણાય છે.
2. સંસ્થાના કર્મચારીઓનાં ખાનગી વાહનો દ્વારા થતી દૈનિક મુસાફરી સંસ્થાના સીધા ઉત્સર્જનમાં જ ગણાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

71. ઑપ્ટિકલ ફાઇબર સંચાર અંગે નીચેનાં વિધાનો પર વિચાર કરો:

1. ઑપ્ટિકલ ફાઇબરમાં પ્રકાશનો પ્રસાર 'પૂર્ણ આંતરિક પરાવર્તન' (Total Internal Reflection) ના સિદ્ધાંત પર આધારિત છે.

2. ઑપ્ટિકલ ફાઇબરમાં કોર (Core) નો અપવર્તનાંક (Refractive Index) ક્લેડિંગ (Cladding) કરતાં ઓછો હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

72. સ્વચ્છ આકાશનો રંગ "વાદળી" કેમ હોય છે?

(A) પ્રકાશનું વિક્ષેપણ (સ્કેટરિંગ)

(B) સંપૂર્ણ આંતરિક પરાવર્તન

(C) કાચમાંથી વક્રીભવન

(D) પ્રકાશનું વિવર્તન

73. રસોઈ બનાવતી વખતે, જો વાસણનું તળિયું બહારથી કાળું થઈ રહ્યું હોય, તો તેનો અર્થ એ છે કે...

(A) ખોરાક સંપૂર્ણ રીતે રંધાયો નથી.

(B) ઇંધણ સંપૂર્ણ રીતે બળી રહ્યું નથી.

(C) ઇંધણ ભીનું છે.

(D) ઇંધણ સંપૂર્ણ રીતે બળી રહ્યું છે.

74. ભારતના ઊર્જા પરિદૃશ્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. હાલમાં દેશની કુલ સ્થાપિત વીજળી ક્ષમતા 500 GWને પાર કરી ગઈ છે.

2. બિન-અશ્મિભૂત ઇંધણ સ્રોતો હજુ પણ કુલ વીજ ક્ષમતાના 50% કરતાં ઓછા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

75. 16મા સિંહ વસ્તી અંદાજ અથવા સિંહ ગણતરી (2025) અનુસાર:

1. એશિયાટિક સિંહોની સંખ્યા અને વિસ્તરણ વિસ્તારમાં વધારો થયો છે

2. ગુજરાત વન વિભાગ દ્વારા દર 3 વર્ષે ગણતરી હાથ ધરવામાં આવે છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

76. કઈ સંસ્થાકીય વ્યવસ્થા ક્વોન્ટમ ટેકનોલોજીઓ અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા અગ્રણી ક્ષેત્રોમાં મિશન-લક્ષી સંશોધનને પ્રોત્સાહન આપવાના ભારતના પ્રયાસને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

(A) ક્વોન્ટમ ટેકનોલોજીઓમાં ફક્ત ખાનગી ક્ષેત્રના સ્ટાર્ટ-અપ્સ માટે અટલ ઇનોવેશન મિશનની સ્થાપના કરવી.

(B) મુખ્ય વિજ્ઞાન વિભાગો હેઠળ રાષ્ટ્રીય ક્વોન્ટમ ટેકનોલોજી અને એપ્લિકેશન્સ મિશન જેવા સમર્પિત મિશન અને કેન્દ્રોની સ્થાપના કરવી.

(C) અગ્રણી સંશોધન માટે એક ફક્ત ભંડોળ સંસ્થા તરીકે વડાપ્રધાનની વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને નવીનતા સલાહકાર પરિષદની રચના કરવી.

(D) ફક્ત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા અગ્રણી ટેકનોલોજીઓ માટે તમામ ભંડોળ પ્રદાન કરવું.

77. સરકારે તમામ ચાર શ્રમ સંહિતાઓને 21 નવેમ્બર 2025થી અસરકારક બનાવી છે. આ સંહિતાઓ વર્તમાન શ્રમ કાયદાઓને નીચેનામાંથી કયાં વ્યાપક ક્ષેત્રોમાં એકત્રિત કરે છે?

(A) વેતન, સામાજિક સુરક્ષા, ઔદ્યોગિક સંબંધો, વ્યાવસાયિક સલામતી અને આરોગ્ય

(B) વેતન, ઔદ્યોગિક વિવાદો, માતૃત્વ લાભો, બાળ શ્રમ

(C) સામાજિક સુરક્ષા, ટ્રેડ યુનિયનો, એપ્રેન્ટિસસ, કરાર શ્રમિક

(D) લઘુત્તમ વેતન, બોનસ, ગ્રેચ્યુઇટી, ભવિષ્ય નિધિ

78. તાજેતરમાં જાન્યુઆરી 2026ની શરૂઆતમાં અહેવાલ મુજબ વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે ભારતે કયા દેશને પાછળ છોડ્યો?

(A) જર્મની

(B) જાપાન

(C) યુનાઇટેડ કિંગડમ

(D) ફ્રાન્સ

79. દુર્લભ પૃથ્વી તત્વો (Rare Earth Elements) સંબંધિત નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ નવીનીકરણીય ઊર્જા તકનીકીઓ માટે આવશ્યક છે.

2. તેમનું ખનન અને પ્રક્રિયા પર્યાવરણીય પરિણામો હોઈ શકે છે.

3. ભારત પાસે દુર્લભ પૃથ્વી તત્વોનો કોઈ ભંડાર નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

80. મુખ્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિ કરનાર સમિતિમાં સભ્ય તરીકે કોણ કોણ હોય છે?

1. વડાપ્રધાન

2. કેન્દ્રીય મંત્રી

3. વિરોધપક્ષના નેતા

4. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) ફક્ત 1, 2 અને 4

81. નીચે આપેલી પેદાશોમાંથી કઈ પેદાશ ક્રુડ ઓઈલમાંથી બનતી નથી?

(A) સીએનજી
(B) એલપીજી
(C) ડામર
(D) કેરોસીન

82. ચૂંટણી પહેલાં થતી SIRની પ્રક્રિયામાં નીચે આપેલી કાર્યવાહીમાંથી કઈ કઈ કાર્યવાહીનો સમાવેશ થાય છે?

1. મતદારયાદીમાં નામોનો ઉમેરો થઈ શકે છે.

2. મતદારયાદીમાંથી નામોની બાદબાકી થઈ શકે છે.

3. મતદારયાદીને સંસદની મંજૂરી માટે મોકલવામાં આવે છે.

4. મતદારયાદીમાં સુધારણા અંગે રાષ્ટ્રપતિની મંજૂરી માગવામાં આવે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 2 અને 4
(D) ફક્ત 1 અને 3

83. ડિજિટલ એરેસ્ટ એટલે...

(A) ડિજિટલ છેતરપિંડીના આરોપીની છટકું ગોઠવીને રંગે હાથ ધરપકડ કરવી.

(B) સત્તાવાર વેબસાઈટ પર હુમલો કરનાર હેકરોને ડિજિટલ ટેકનોલોજીની મદદથી ઝડપી લેવા.

(C) ફોનથી ખોટા આરોપની ધમકીઓ આપીને વ્યક્તિને તેના ઘરમાં રાખીને નાણાં પડાવવાં.

(D) સોશિયલ મીડિયા પર ખોટી લિંક મોકલીને નાણાં પડાવવાં.

84. કયા સમાજ સુધારકનું 200મું જન્મ વર્ષ 11 એપ્રિલ 2026ના રોજ શરૂ થયું?

(A) જ્યોતિરાવ ફૂલે
(B) રાજા રામમોહનરાય
(C) ઈ. વી. રામસામી 'પેરિયાર'
(D) દયાનંદ સરસ્વતી

 [Contd.

85. વર્ષ 2026 માં કયા રાજ્યના મુખ્યમંત્રી તેમના હોદ્દેથી રાજીનામું આપીને પછી સંસદ સભ્ય બન્યા? તે સંસદના કયા ગૃહના સભ્ય બન્યા?

(A) બિહાર, લોકસભા

(B) નાગાલેન્ડ, લોકસભા

(C) બિહાર, રાજ્યસભા

(D) નાગાલેન્ડ, રાજ્યસભા

86. નીચે આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પોમાં બધા 'પદ્મશ્રી' સન્માનિતોના છે?

1. હાજી રમકડું, સુરેશ સોની, ધાર્મિકલાલ પંડ્યા

2. ગુણવંત શાહ, રતિલાલ બોરીસાગર, ચંદ્રકાંત શેઠ

3. ચંદ્રકાન્ત બક્ષી, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર

4. રઘુવીર ચૌધરી, તુષાર શુક્લ, બકુલ ત્રિપાઠી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 2 અને 4

87. મણિપુરમાં કઈ બે જનજાતિઓ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે?

(A) કુકી અને મુસ્લિમ
(B) કુકી અને મૈતેઈ
(C) કુકી અને ખ્રિસ્તી
(D) કુકી અને નાગા

88. ગુજરાતમાં ચિત્તા કયાં વસાવવાની યોજના છે?

(A) ગીર અભયારણ્ય

(B) બન્ની ઘાસનું મેદાન

(C) જાંબુઘોડા અભયારણ્ય

(D) પૂર્ણા અભયારણ્ય

89. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલમાં નીચે પૈકી કયા દેશ/દેશો સભ્ય નથી?

1. ઈરાન

2. ઈરાક

3. કુવૈત

4. સાઉદી અરેબિયા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 1 અને 4

90. લિતાની નદી કયા દેશમાં આવેલી છે?

(A) લેબેનોન

(B) ઇઝરાયલ

(C) જોર્ડન

(D) સિરીયા

91. સંગઠન તથા તે મોટા ભાગે જે દેશમાં રહીને પોતાની પ્રવૃત્તિ ચલાવે છે, તે અંગે નીચેનાં જોડકાં પૈકી કયાં સાચાં છે?

| સંગઠન | દેશ |
|---|---|
| 1. હુથી | ઓમાન |
| 2. હિઝ્બોલ્લા | લેબેનોન |
| 3. હમાસ | ઇઝરાયલ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) 1, 2 અને 3

(D) ફક્ત 1 અને 3

92. ગ્રીનલેન્ડ વિશે નીચેનાં વિધાન/વિધાનો પૈકી કયું/કયાં સાચું/સાચાં છે? CANCELLED

1. તે પ્રશાંત મહાસાગરમાં આવેલ ટાપુ છે.

2. તે સંયુક્ત રાજ્ય અમેરિકાની પૂર્વમાં આવેલ છે.

3. તે ડેન્માર્ક હેઠળ આવેલ ટાપુ છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1

(C) ફક્ત 3

(D) ફક્ત 1 અને 3

93. ઓક્ટોબર 2023માં ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવેલ 'ઓપરેશન અજય' અને તેના ભૌગોલિક- રાજકીય સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. આ ઓપરેશનની શરૂઆત ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે ત્યાં ફસાયેલા ભારતીય નાગરિકોને સુરક્ષિત પરત લાવવા માટે કરવામાં આવી હતી.
2. આ ઓપરેશન હેઠળ માત્ર ભારતીય વાયુસેનાના વિમાનોનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ખાનગી એરલાઇન્સને આ મિશનથી દૂર રાખવામાં આવી હતી.
3. 'ઓપરેશન અજય' એ કોઈ 'રેસ્ક્યૂ મિશન' નથી, પરંતુ તે સ્વેચ્છાએ પરત આવવા માંગતા નાગરિકો માટેની એક 'ફેસિલિટેશન મિશન' વ્યવસ્થા હતી.
4. આ ઓપરેશનની શરૂઆત યુક્રેનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સુરક્ષિત પરત લાવવા માટે કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 3 અને 4

94. 'પરીક્ષા પે ચર્ચા' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિદ્યાર્થીઓમાં પરીક્ષા પહેલાં વધતાં તાણ, ભય અને ચિંતા ઘટાડવા શરૂ કરાયેલ રાષ્ટ્રીય કાર્યક્રમ છે.
2. તેમાં ફક્ત 10 અને 12ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.
3. તેમાં પ્રધાનમંત્રી સાથે સંવાદ કરવાની તક મળે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

95. નીચેનામાંથી કઈ અભિનેત્રીને પ્રાણી અધિકારો, વન્ય જીવન સંરક્ષણ, શાકાહારી જીવનશૈલી અને માનવીય શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સતત કાર્ય માટે PETA ઇન્ડિયા દ્વારા વર્ષ 2025 માટે 'પર્સન ઓફ ધ યર' તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે?

(A) જુહી ચાવલા
(B) રવિના ટંડન
(C) કાજોલ
(D) આલિયા ભટ્ટ

96. પડોશી દેશોમાં રાજકીય સંકટ અને સત્તા પરિવર્તન વિશે નીચેનામાંથી કયો ક્રમ સાચો છે?

1. બાંગ્લાદેશ: શેખ હસીના - તારિક રહેમાન - મોહમ્મદ યુનુસ

2. નેપાળ: કે. પી. શર્મા ઓલી - સુશીલા કાર્કી - બાલેન્દ્ર શાહ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

97. કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, 2025 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ સુધારાઓ માત્ર મહિલાઓ માટે કરવામાં આવ્યા છે.

2. તે મુજબ મહિલાઓને રાતે 7 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી કામ કરવાની છૂટ આપવામાં આવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

98. નીચેનામાંથી કયાં ગીતો આશા ભોંસલેએ ગાયાં છે?

1. દિવાના હુઆ બાદલ....

2. ઇન આંખો કી મસ્તી....

3. હાલ કૈસા હૈ જનાબકા...

4. માડી તારું કંકુ ખર્યું....

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2, 3 અને 4

99. હોરમુઝની સામુદ્રધુની કઈ બે જળરાશિઓને જોડે છે?

(A) પર્શિયાની ખાડી અને ઓમાનની ખાડી

(B) પર્શિયાની ખાડી અને યમનની ખાડી

(C) પર્શિયાની ખાડી અને રાતો સમુદ્ર

(D) રાતો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર

100. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં ઉત્તર પ્રદેશના સાહિબાબાદથી ભારતની સૌપ્રથમ 'પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ'ના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોર પર 180 કિમી/કલાકની આ હાઈ-સ્પીડ ટ્રેન સેવાને ભારતની આધુનિક પરિવહન ક્ષમતાના પ્રતીક તરીકે કયું વિશિષ્ટ નામ આપવામાં આવ્યું છે?

(A) ભારત ટ્રેન

(B) નમો ભારત

(C) વંદે ભારત

(D) ગતિશક્તિ